પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨ | ૧૩ માર્ચ, ૨૦૧૭, સોમવાર ; ફાગણ વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ચિદમ્બરમે મોદીના વખાણ કર્યા



કોંગ્રેસના અગ્રણી અને પૂર્વ નાણામંત્રી પી. ચિદમ્બરમે વિધાનસભાની ચૂંટણીના પરિણામો અંગે પ્રતિભાવ આપતા કહ્યુ હતુ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશમાં સૌથી પ્રભાવશાળી રાજનીતિ વ્યક્તિત્વ છે. તેમનું આકર્ષણ દેશભરમાં છે.

### રાજનાથસિંહ હોળી નહી ઉજવે



છત્તીસગઢના સુકમામાં નકસલી હૂમલામાં શહીદ થયેલ ૧૨ સીઆરપીએફ જવાનોના દુઃખમાં ગૃહમંત્રી રાજનાથસિંહે આ વખતે હોળીનો તહેવાર ન ઉજવવાનો નિર્ણય લીધો છે. આ પહેલા શનિવારે રાયપુરમાં રાજનાથસિંહે મુખ્યમંત્રી રમણસિંહની સાથે શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી.

### ગોવામાં નોટાનો સૌથી વધુ ઉપયોગ



પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો સામે આવી ગયા છે. તેમાં નોટા એટલે કે આમાંથી એક પણ ઉમેદવાર નહીંનું બટન સૌથી વધુ વાર ગોવામાં પ્રેસ થયુ હતુ. નોટાના ઉપયોગ મામલે યુપી ત્રીજા ક્રમે રહ્યુ હતુ.

### સુરત અને જયપુરનુ નામ મેટ્રો સિટીમાં સામેલ થશે



ભારતની મેટ્રો સિટીમાં જયપુર અને સુરતનું નામ વર્ષ ૨૦૧૮ સુધીમાં જોડાશે. આ શહેરોની હાઉસહોલ્ડ ઈન્કમ ૨૦૧૮ સુધીમાં ૮૦૦ અબજ રૂપિયા થશે.

# ગોવામાં સરકાર રચવા પારિકરનો દાવો

**મહારાષ્ટ્ર ગોમાંતક પાર્ટી, ગોવા ફોરવર્ડ પાર્ટીના નેતાઓએ મનોહર પરિકરના નેતૃત્વમાં ભાજપને સમર્થન આપવા સંમતિ આપતા સમીકરણો બદલાયા : મોડી સાંજે મનોહર પરિકરે ૨૨ ધારાસભ્યોના સમર્થન સાથેનો પત્ર રાજ્યપાલને સુપરત કર્યો**

નવી દિલ્હી,તા. ૧૨

સંરક્ષણ મંત્રી મનોહર પરિકર કેન્દ્રીય મંત્રીમંડળમાં રાજીનામુ મુકી ગોવાના મુખ્યમંત્રી પદ માટે ૨૨ ધારાસભ્યોના સમર્થનવાળો પત્ર રજૂ કરી ભાજપની સરકાર રચવા દાવો કર્યો હતો. મોડી સાંજે રાજભવન ખાતે મનોહર પરિકર અને ગોવાંતક ફોરર્વડ પાર્ટીના વિજયસર દેસાઈ અને મહારાષ્ટ્ર ગોવાંતક પાર્ટીના સુદીન ધવલીકરે પણ મનોહર પરિકરના નેતૃત્વમાં સરકાર રચાય તો સમર્થનની જાહેરાત કરતા રાજકીય સમીકરણો બદલાયા હોવાનું જોવા મળ્યું હતું. ગોવાનું રાજકારણ એક જ દિવસમાં પલ્ટાયું હતું. કોંગ્રેસે ૧૭ બેઠકો જીતી હોવા છતાં ભાજપ અન્ય પક્ષોનું સમર્થન મેળવી સરકાર રચી રહી છે. કેન્દ્રીય મંત્રી નીતીન ગડકરીએ વહેલી સવારે ગોવામાં ડેરાતંબુ તાણી સમગ્ર બાજી બદલી નાખી હતી.

ગોવામાં કોઈપણ પાર્ટીને બહુમતિ ન મળ્યા બાદ સત્તા માટે જંગ રોમાંચક બની રહ્યો છે.આના માટે જોડતોડ માટેના પ્રયાસો શરૂ થઈ ચુક્યા છે. ગોવામાં કોંગ્રેસ પાર્ટી ૧૭ સીટ જીતીને સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે જ્યારે ભાજપ ૧૩ સીટ જીતીને બીજી સૌથી મોટી પાર્ટી છે. ભાજપની મત હિસ્સેદારી સૌથી વધારે રહી છે. આવી સ્થિતિમાં મહારાષ્ટ્ર ગોમાંતક પાર્ટીના ત્રણ, ગોવા ફોરવર્ડ બ્લોકના ત્રણ અને અપક્ષ ત્રણની ભૂમિકા વધી ગઈ છે.

● અનુસંધાન પાન-૭ પર



## મણીપુરમાં સરકાર રચવા ભાજપના ભરપૂર પ્રયાસો

ઈમ્ફાલ, તા.૧૨

ભાજના મહામંત્રી રામમાધવે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, આવતીકાલે અમે રાજ્યપાલ નઝમા હેપતુલ્લા સમક્ષ સરકાર રચવા દાવો રજૂ કરવાના છીએ. અમારી સાથે એનપીપી અને એલજેપીના ધારાસભ્યો સમર્થનમાં છે. આજે બપોરે એનપીપીના ધારાસભ્યોની મળેલી બેઠકમાં ભાજપને સમર્થન આપવાનો નિર્ણય કરાયો હતો. એ જ રીતે એલજેપીમાં મોડીરાત સુધીમાં સમર્થનની જાહેરાત કરાશે. મણીપુરમાં ભાજપની એક પણ બેઠક અત્યાર સુધીમાં હતી નહી. આ વખતે ૨૧ બેઠકો સાથે વિધાનસભામાં ખાતુ ખોલાવ્યું હતું. હવે અન્ય પ્રાદેશિક પક્ષોનું સમર્થન મેળવી સરકાર રચવાની હિલચાલ ભરપૂર ચાલી રહી છે.

સૂત્રોનું માનીએ તો કેન્દ્ર સરકારના ઈશારે એકાદ દિવસમાં રાજ્યપાલ ભાજપને સરકાર રચવાનું વિધિવત આમંત્રણ આપશે. ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી રામમાધવ રાજકીય સમજૂતિમાં નિપુણ ગણાય છે. અગાઉ પણ કાશ્મીરમાં પીડીપી સાથે સમજૂતિ કરી સરકાર રચવામાં સફળતા મેળવી હતી. આ જ ફોર્મ્યુલાના આધારે મણીપુરમાં પણ સરકાર રચવામાં સફળતા મળશે એમ ભાજપના અંતરંગ વર્તુળો માની રહ્યા છે.

# મોદીના મિશન-૨૦૨૨ના લક્ષ્યાંકો



**ભાજપ ઓફિસ ઉપર મોદીનું ભવ્ય સ્વાગત કરાયું : ૬૫ ટકા યુવાનો, મહિલાઓના સપના સાથે ન્યુ ઇન્ડિયા તૈયાર કરાશે : દરેકના સપના પરિપૂર્ણ થશે : નરેન્દ્ર મોદી**

નવીદિલ્હી,તા. ૧૨

પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીના જોરદાર દેખાવ બાદ પ્રથમ વખત ભાજપની ઓફિસ ઉપર પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરીવાર સંબોધન કર્યું હતું જેમાં મોદીએ ૨૦૧૯ના બદલે ૨૦૨૨નું લક્ષ્ય રજૂ કર્યું હતું. ચૂંટણીમાં જીત મેળવી લીધા બાદ કાર્યકરોના ભવ્ય સ્વાગત બાદ મોદીએ ૨૦૧૯ સુધી ન્યુ ઈન્ડિયા બનાવવાની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, પ્રથમ ટાર્ગેટ અમારી સામે છે. ૨૦૨૨માં ભારતની સ્વતંત્રતાના

● અનુસંધાન પાન-૭ પર

## ઉત્તર પ્રદેશમાં ગઠબંધનની જરૂર નહોતી : મુલાયમસિંહ

લખનૌ,તા. ૧૨

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમસિંહ યાદવે ચૂંટણીના પરિણામ બાદ પોતાની પ્રતિક્રિયા આપી છે. ચૂંટણી પર પ્રતિક્રિયા આપતા મુલાયમસિંહે કહ્યું છે કે, ગઠબંધનના અહંકારના કારણે હાર થઈ છે. ગઠબંધન આ હાર માટે જવાબદાર છે. મુલાયમસિંહ યાદવે આ નિવેદન કરીને કોંગ્રેસ પાર્ટી ઉપર દોષનો ટોપલો નાંખવાના પ્રયાસ કર્યા છે. મુલાયમસિંહનું કહેવું છે કે, અખિલેશ યાદવ અને રાહુલ ગાંધીનો સાથ ઉત્તરપ્રદેશની પ્રજાને પસંદ ન પડતા હાર થઈ છે.

મુલાયમસિંહ યાદવ પોતે આ ગઠબંધનને લઈને નાખુશ હતા. સમાજવાદી પાર્ટીના સ્થાપક અને ચૂંટણીથી પહેલા રાષ્ટ્રીય અધ્યક્ષના પદેથી દૂર કરવામાં આવેલા નેતાજી ગઠબંધનને હાર માટે જવાબદાર ગણી રહ્યા છે. ચૂંટણી પરિણામ નિહાળતી વેળા તેમણે કહ્યું હતું કે, જો ગઠબંધન કરવામાં આવ્યું ન હોત તો સમાજવાદી પાર્ટીની સરકાર બની હોત. ગઠબંધનનું સમર્થન કરવામાં આવ્યું હતું તેમ જો કોઈ વ્યક્તિ કહે છે તો ખોટી વાત કરે છે.

### ગાંધીનગર સમાચાર અંકબંધ

આજે તા.૧૩-૩-૨૦૧૭ને સોમવારના રોજ ધૂળેટી પર્વ નિમિત્તે ગાંધીનગર સમાચાર કાર્યાલય સંપૂર્ણ રજા પાળશે. જેથી આવતીકાલે તા. ૧૪-૩-૨૦૧૭ને મંગળવારનો અંક પ્રસિદ્ધ થશે નહિ. જેની વાચક, વિતરકભાઈઓ અને વિજ્ઞાપનદાતાઓએ નોંધ લેવા વિનંતી.

- વ્યવસ્થાપક













